

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વેટ વધારી પેટ્રોલે, મતદારો ને હસાવે છે,*
*મારણ મૂકી પાંજરે મતદાતાને ફસાવે છે.*
*ભસાવે છે કૂતરાં, મોંઘવારીના હાથી પાછળ -*
*ગાંડો વિકાસ, નીલગાય માટે વરૂ વસાવે છે*

હાઈકુ

*ઘટાડ્યું મૂલ્ય?!*
*લ્યો ! હવે શહિદીના -*
*ભરે કોથળા!!*
*(પૂઠાં ના પડીકામાં)*

*નામ બદલો!*
*'સ્વાગત'ને બદલે -*
*ખાખી બ્લોસમ !!*
*('સ્વાગત' ફ્લેટમાં ચોરી)*

### ચિંતન

**સુમરન સે સુખ હોત હૈ, સુમરન સે દુઃખ જાય,**
**કહે કબીર સુમરન કિયે, સાંઈ માંહિ સમાય.**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**સદાયે સુખની અપેક્ષા અને દુઃખથી છુટકારો ઈચ્છતો મૃત્યુલોકનો માનવી સુખની પ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહે છે. અહીં તહીં ભટકતો ફરે છે. સાચા અને સારા કર્મો કરવાને બદલે કોઈ પણ રીતે સુખ મળે એ હેતુથી ગમે તેવા કામ કરતાં અચકાતો નથી. પણ સુખ તો હાથવેંતમાં છે એ વાત તે જાણતો નથી. કબીર કહે છે કે હે મનુષ્ય... સુખ તો બહુ સહેલાઈથી મળી શકે તેમ છે. નિરંતર ઈશ્વરનું સ્મરણ કરતો રહે. તારા સર્વ દુઃખોનો નાશ થશે અને જરૂર તને સુખની પ્રાપ્તિ થશે. પ્રભુશક્તિ અને ભગવત્ સ્મરણ કરવાવાળો આ લોકમાં સર્વસુખ ભોગવી મોક્ષગતિ ને પામશે માટે હંમેશા કાર્ય કરતાં કરતાં પ્રભુ સ્મરણ કરતાં રહેવાથી મનુષ્ય ઈચ્છિત ફળ જરૂર મેળવશે.**

### સુવિચાર

- એન્ડ (અંત) આવે તે બધા જ વિષય, જેનો એન્ડ (અંત)ના આવે તે આત્મા - **આપ્તસૂત્ર**
- પ્રારબ્ધ અને પુરુષાર્થની લક્ષ્મણ રેખા 'એક્ઝેક્ટ' જાણએ તે જ્ઞાની - **દાદા ભગવાન**
- જીવને જ્ઞાન કેમ પ્રાપ્ત થતું નથી ? અજ્ઞાન બહુ પ્રિય છે તેથી - **ઓશો**
- મૌન વ્યકતવ્ય એ નિખાલસતાની સાચી અભિવ્યક્તિ છે - **ગોલ્ડ સ્મિથ**
- અમરત્વની ઈચ્છા રાખવી એ એક મોટી ભૂલને સદાકાળ માટે જીવતી રાખવા જેવું છે - **મુંબઈ સમાચાર**
- પોતાની જાતને જોવી એ મોઢું ફેરવ્યા વિના પાછળ નજર કરવા જેવું કપરું કામ છે - **થોરો**
- આજનું ઔષધ : બાળકો ને તલ ખવડાવવાથી બાળકો રાત્રે ઊંઘમાં પેશાબ કરતા હોય તો અટકે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જયપુરના રાજા માધવસિંહ. બાળપણમાં ખૂબ તોફાની હતા. એણના ગુરુ સંસારચંદ્ર, ગુરુ ખૂબ કડક હતા અને તોફાની માધવસિંહને ભણવાની બેકાળજી બદલ સોટીપ્રસાદ પણ ચખાડતા. એકવાર કોઈ સંસાર ચંદ્રની ફરિયાદ લઈને દરબારમાં આવ્યું. જો કે સંસારચંદ્ર બિલકુલ નિર્દોષ જ હતા. માધવસિંહે સંસારચંદ્રને દરબારમાં હાજર કરવા હુકમ કર્યો. બીજે દિવસે માધવસિંહે ગુરુ સંચારચંદ્રને કહ્યું, 'આપ મને ભણવાના પાઠ યાદ ન રાખવા બદલ સોટી વડે મારતાં યાદ આવે છે ??' સંસારચંદ્રએ નિર્ભયતાથી કહ્યું, 'હાં, મને બરાબર યાદ છે...' દરબારમાં સોપો પડી ગયો સૌને લાગ્યું કે ક્રુર માધવસિંહ સંસારચંદ્રને ફાંસીની સજા ફરમાવશે... નક્કી...સંસારચંદ્ર એ પોતાની વાત મુકતા મક્કમ અવાજમાં કહ્યું, 'મહારાજા, સત્તાનો નશો માનવીને ખતમ કરી નાખે છે, જો મને પહેલેથી એ વાતની ખબર હોત કે તું જયપુરનો રાજા બનવાનો છે તો ભણાવતી વખતે મેં તેને એથી યે આકરી સજા કરી હોત. અને જો એમ હું કરી શક્યો હોત તો આજે તું વિદ્યાને લજવી રહ્ય છે એને બદલે દિપાવી રહ્યો હોત ?'

રાની માધવસિંહને પોતાના અવિવેકી વર્તન બદલ પસ્તાવો થયો અને ગુરુની ક્ષમા માગી. નિર્દોષ જાહેર કર્યા.

# ચૂંટણી પ્રક્રિયા સામે પ્રશ્નાર્થ

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશની ચૂંટણી ગુજરાતની ચૂંટણી પહેલાં આપવાનો કરેલ નિર્ણય સ્વાભાવિક રીતે જ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા સુરજેવાલા જેવા નેતાઓને કેન્દ્ર સરકાર પ્રેરિત ગણતરીપૂર્વકનું પગલું લાગે. હિમાચલ પ્રદેશની વિધાનસભાની મુદત ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ સમાપ્ત થતી હોવા છતાં ત્યાં ચૂંટણી વહેલી જાહેર થઈ ગઈ છે, જયારે ગુજરાતની ચૂંટણી પ્રક્રિયા બનાસકાંઠાના રેલસંકટથી થયેલ નુકશાનથી વિસ્થાપિત થયેલ લોકોની પુનઃસ્થાપનાના મુદ્દે પાછી ઠેલાઈ હોય તો તે દલીલ પણ ગળે ઊતરે એવી નથી. ચાલુ ચૂંટણીએ પણ કોઈ કુદરતી આફત આવી પડે તો સરકારે એને જ ટોપ પ્રાયોરિટી આપવી પડે પરંતુ એથી બહુ બહુ તો જે - તે અસરગ્રસ્ત વિસ્તાર પૂરતી ચૂંટણી જ પાછી ઠેલી શકાય. કેન્દ્ર સરકાર અને શાસક પક્ષને ગુપ્તચર એજન્સીઓએ આપેલ રિપોર્ટ સાનુકૂળ નહીં હોવાને કારણે શક્ય એટલી વધુ યોજનાઓ, પ્રજાસમૂહોને વધુમાં વધુ પ્રલોભનો અને શિલાન્યાસ - ઉદ્‌ઘાટન જેવા જાહેરાત કાર્યક્રમો કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાર્ટીની હાલક ડોલક સ્થિતિ સુધારવા માગે છે. એ માટે તેઓએ ગુજરાતને વધુમાં વધુ સમય ફાળવ્યો છે, તે સૂચક છે. તેઓ કોઈ જ 'ચાન્સ' લેવા માગતા નથી. પરાજયનું ભૂત ભાજપની ગળચી પકડી લે એ પહેલાં તેઓ તમામ હથકંડા અપનાવી પાર્ટીના વિજયની ખાતરી મેળવી લેવા કૃતસંકલ્પ છે. સામે કોંગ્રેસ માટે પણ પચ્ચીસ વર્ષ પછી સત્તામાં પુનરાગમનની તક બારણે ટકોરા મારી રહી છે. આ વખતે એકાએક અણધારી અનુકૂળતાઓ ઊભી થઈ છે, જેની કોંગ્રેસે સ્વપ્ને પણ અપેક્ષા નહોતી રાખી. ફક્ત એન્ટિ ઈન્કમ્બન્સી ફૅક્ટર જ નહીં, વિવિધ જ્ઞાતિ સમુદાયોનાં આંદોલનોથી સરજાયેલું શાસન વિરોધી વાતાવરણ એના તરફ પ્રજાનો જોક દર્શાવે છે. કોંગ્રેસ સાથે જેને ધોળે ધરમે નહોતું બનતું એવો વગદાર પાટીદાર સમાજ અને જીએસટીથી ત્રસ્ત વેપારી વર્ગ ભાજપને પોતાની તાકાતનો પરચો બતાવી દેવા કોંગ્રેસનું સમર્થન કરવાના સંકેતો આપી ચૂક્યો છે. દલિતોએ ઊનાથી લઈ ચરોતર કે કલોલના હત્યાકાંડોના મુદ્દે ભાજપ વિરોધી વલણ અપનાવાયું છે. રાષ્ટ્રપતિ જેવા રાષ્ટ્રપતિનો ગુજરાતના કોળી જનસમુદાયના સમર્થન માટે આડકતરો ઉપયોગ થઈ રહ્યો છે, તે પણ સુજ્ઞ, ચતુર સુજાણ મતદાતાઓથી અજાણ્યું નથી. ઓબીસી મતદાર સમૂહો પૈકી સૌથી મોટો ઠાકોર સમાજ મુખ્યમંત્રીના મુદ્દે અડી પડે તો ભાજપ પાસે એવો કોઈ ચહેરો નથી જયારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પોતે ઠાકોર છે. આ બધી પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ચૂંટણી જીતવા કૃતસંકલ્પ મોદી-શાહની જોડી છેલ્લે કર્મચારીઓને અને ખૂદ ચૂંટણી વ્યવસ્થાની સિસ્ટમને સાનુકૂળ બનાવી પરિણામ લાગી શકે એમ છે. જો કે ચૂંટણી પંચ 'તટસ્થ' રહેવાનો દેખાવ જરૂર કરતું રહેશે, પરંતુ પુત્રનાં લક્ષણ પારણામાં - એ ન્યાયે ગુજરાતની ચૂંટણી હિમાચલ પ્રદેશનાં પરિણામો પછી યોજવાનો નિર્ણય કૌંસમાં ઘણું બધું કહી જાય છે. ગુજરાતના મુખ્ય સચિવ પદે રહી ચૂકેલા વર્તમાન ચૂંટણી કમિશનર પાસે ટી.એન. શેષન જેવી કડક તટસ્થતાની અપેક્ષા રાખી શકાશે ખરી ?

# મહાદેવ અને ગાંધીની અઢી દાયકાની જુગલબંધી

**મહાદેવભાઈની ડાયરીએ રોજનીશીનો વૈશ્વિક દસ્તાવેજ**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

એનું તો નામ જ મહાદેવ, મહાદેવ દેસાઈ. ૧૯૨૨ સુધીની વાત મહાત્મા ગાંધીએ તેમની આત્મકથા કે સત્યના પ્રયોગોમાં કરી દીધી હતી. પરંતુ એ પછી ૨૫-૨૬ વર્ષનો ગાળો પણ ગાંધીજીની હાજરીનો હતો. ગાંધીજીએ તો ગોડસેની ગોળીએ આપણી વચ્ચેથી ૧૯૪૮માં લઈ લીધા પરંતુ એ પહેલાં ૧૯૪૨માં મહાદેવભાઈ દેસાઈએ પણ પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.

૧૮૯૨માં જન્મેલા મહાદેવભાઈ ગાંધીએ મળે છે ૧૯૧૭માં. ૨૫ વર્ષનો યુવાન એ પછી સમગ્ર જીવન ગાંધી સાથે જ વિતાવે છે મહાદેવ પચ્ચીસમા વર્ષે ગાંધીજીને મળે છે અને પચ્ચીસ વર્ષ તેમની સાથે સમર્પણભાવે વ્યતિત કરે છે. આપણા માટે ગાંધીજીને સમજવાનું એક માધ્યમ મહાદેવભાઈ રહ્યા છે એમ ચોક્કસ કહી શકીએ. જૈવિક રીતે ગાંધીના ચાર પુત્રો હરિલાલ, રાખદાસ, મણિલાલ અને દેવદાસભાઈ. પણ ગાંધીએ મહાદેવને પણ પોતાના પુત્ર ગણાવ્યા હતા. અને આકંઠ પુત્રવથ અને પિતૃવત પ્રેમથી તેઓ આકંઠ ભીંજાયેલા રહ્યા હતા. ૧૯૧૭નું વર્ષ જેમ ગાંધીના ભારતમાં શરુ કરેલ લોક આંદોલનનું વર્ષ છે. ચંપારણ સત્યાગ્રહ તેમણે ૧૯૧૭માં શરુ કર્યો હતો. એની આપણે ૧૦૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છીએ, તેનું એક ઐતિહાસિક મહત્ત્વ છે તેમ ૧૯૧૭માં મહાદેવ - મહાત્માનું મિલન એ પણ ગાંધીજીના જીવનકવન દરમિયાન પત્રો - લેખો, વાર્તા - ચિત્તો, ચર્ચાઓને એક દસ્તાવેજીકરણના રુપે આ મહત્ત્વનું ઐતિહાસિક કાર્ય છે. આમ મહાદેવભાઈનું કાર્ય એ ઐતિહાસિક પણ છે તો સાથે સાથે વ્યક્તિગત દષ્ટિએ ગાંધીના પડછાયાની જેમ રહીને તેમને સતત સહકાર અને હૂંફ આપવાનું વ્યક્તિગત રીતે પણ બહુ મોટું સમર્પણ છે તેની નોંધ લેવી જ રહી.

ગાંધીજીએ એકવાર એવું કહેલું કે જે મારી પાસે હાસ્ય ન હોત તો હું ઘણા સમય પહેલાં ગાંડપણનો શિકાર બની ગયો હોત. કદાચ આ વાત તેમણે તેમના જીવનમાં મહાદેવ દેસાઈ આવ્યા એ પહેલા કહી હતી. અથવા તો ગાંધીજીના જીવનમાં મહાદેવભાઈની ગેરહાજરી હતી ત્યાં સુધી ગાંધી માટે પાગલપન સવાર થઈ જાય ત્યાં સુધીની વિપરિત માનસિક વિપદા આવી હતી પરંતુ મહાદેવભાઈ મળ્યા પછી એમને એક અડીખમ સથવારો મળી ગયો હતો.

પ્રખર સમાજવિજ્ઞાની મુ. અચ્યુતભી યાંત્રિકે મહાદેવભાઈને ગાંધીના ગણેશ અને હનુમાન એવી બેવડી ઓળખ સાથે જોડ્યા છે. ગાંધીનું તમામ લેખન તેમણે એક લહીયા તરીકે સમગ્ર જીવન દરમિયાન કર્યું. ગણેશ એટલા માટે કે મહાભારતના લહીયા ગણેશ હતા.આજે પણ ઘણું બધું આપણે મહાદેવભાઈના લખાણોના કારણે ઉપલબ્ધ છે. જો તેઓ ગાંધીજીના સચિવ રહ્યા ન હોત તો તેમના અનેક સંદર્ભો આપણને મળ્યા ન હોત. ૧૯૨૧ પછી ગાંધી સ્વરાજ પ્રાપ્તિના આંદોલનમાં જે રીતે ગળાડૂબ રહ્યા એમાં તેમને લખવાનો સમય જ ના રહ્યો હોત. વિપુલ પ્રમાણમાં જે ગાંધીજી સાહિત્ય મળ્યું એના મૂળમાં મહાદેવભાઈની સચિવ તરીકેની સેવા છે. ગણેશજીએ તો મહાભારતના લહીયા તરીકે એક જ વાર પૂર્ણ લખાણનું કામ કર્યું હતું. ગળેશજીની પણ સરખામણી ના થાય તો મહાદેવભાઈની પણ સરખામણી ના કરાય. આવી સરખામણી તે નિર્યોગ્યતા કહી શકાય.

મહાદેવભાઈ દેસાઈના જન્મ શતાબ્દિ વર્ષ પ્રસંગે મ.દે. જન્મ શતાબ્દિ સમિતિના મંત્રી અમૃતભાઈ મોદીએ પ્રકાશકના નિવેદનમાં મહાદેવભાઈની ડાયરી ભાગ ૧ થી ૨૦નો આખો સેટ જે જરૂરી હતા એ ભાગોના પુર્નમુદ્રણ સાથે પ્રકાશિત કર્યા છે એની નોંધ સાથે સરસ મજાની વાતો મ.દે.જી. વિશે મૂકી છે. આવતા સપ્તાહે આપણે તેની વાતોને સ્થાન આપીશું.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# માનસ કથાગાન : સામાજિક ચેતનાની જાગૃતિનું પર્વ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

કથા પરંપરા એ વિશ્વભરમાં એક અથવા બીજા સ્વરૂપે પ્રચલિત છે. માન્ય છે તથા સ્વીકૃત પણ છે. આપણાં દેશમાં તો આવી કથાઓના માધ્યમથીજ શાસ્ત્રોની અમૂલ્ય વાતો લોક સમૂહ સુધી અસરકારકતાથી પહોંચી છે. અનેક સ્વનામ ધન્ય લોકોએ આવી શાસ્ત્રોક્ત વાતોનું ગૌરવ તેમજ ગરીમા જાળવીને બહોળા જન સમુદાય સુધી પહોંચાડી છે. આવી ઉજળી તથા પ્રસ્થાપિત પરંપરામાં પૂજ્ય મોરારીબાપુનું પણ એક ગૌરવભેર લઈ શકાય તેવું નામ છે. બાપુની કથામાં જે રીતે માનવ મહેરામણ દેશ તથા વિદેશની ભૂમિ પર આપમેળે ઉમટી પડે છે તે એક અસામાન્ય ઘટના છે. આ સંદર્ભમાં એક વિસ્મિત કરે તેવી બાબત એ બાપુના વિદેશની ભૂમિ પરના માનસગાન સબંધેની છે. સામાન્ય સંજોગોમાં જે ભૂમિ પર આ સ્વરૂપમાં તથા પ્રમાણમાં કથાઓ કહેવાતી કે સંભળાતી નથી ત્યાં પણ ઘણી મોટી સંખ્યામાં લોકો બાપુની રામકથા ભાવથી અને શ્રધ્ધાથી સાંભળે છે. જે હોલમાં કથા કહેવાતી તથા સંભળાતી હોય ત્યાં આપોઆપ અને સહેજે એક મીની ભારતનું નિર્માણ આંખ સામે થતું જોવા મળે છે. આવો અનુભવ એ પણ એક અપ્રતિમ ઘટના છે. મોટી સંખ્યામાં કથા સાંભળવા આવતા તમામ વય જૂથના તથા અલગ અલગ વિસ્તારના લોકોને માનસગાનમાં તરોબળ થતાં ઓગસ્ટ-૨૦૧૭ માં લંડનમાં યોજાયેલી કથામાં જોયા ત્યારે આ કથા તેમજ કથાકારની અસાધારણ પકડનો સુખદ તેમજ ચિરસ્મરણિય અનુભવ થયો. લંડનની આ કથાની વ્યવસ્થા તેમજ યજમાન પરીવારની સ્નેહાળ સજ્જતા માટે તો અલગ પ્રકરણ લખીએ તો પણ ઓછું પડે તેમ છે.

બાપુની આ કથામાં સ્વાભાવિક રીતેજ શાસ્ત્રો અનુસાર કથાતત્વ તો હોય. કથાની આ વાતો દેશ કે વિદેશની ભૂમિ પરના ભારતીય મૂળના લોકોથી અજાણી પણ નથી. કથાની ઘટનાઓ —પ્રસંગો તેમજ પાત્રોથી લોક સુપરિચિત છે. આ સ્થિતિમાં પણ જે લોકો લાંબા સમયથી દેશની ભૂમિથી દૂર રહેલા છે તેમના મનમાં ઊંડે સુધી ધરબાયેલી દેશની મીઠી સ્મૃતિ જીવંત છે તેમ જોઈ શકાતું હતું. માત્ર સ્મૃતિ ઉપરાંત આ બધી કથાની વાતો સાથેનું તેમનું જોડાણ તેઓ અનુભવી શકે છે અને તે એક કથા શ્રવણ માટેનું ચાલક બળ બને છે. આ બળના કારણેજ તેઓ કથાસ્થળથી દૂર રહેતા હોય તો પણ નિયમિત રીતે કથા શ્રવણ માટે આવે છે. કાબુલીવાલાની જાણીતી વાતમાં જેમ નાયક વતનનો ઝૂરાપો અનુભવે છે તેમ અહીં પણ જોઈ શકાય છે. અનેક ભારતીય મૂળના કુટુંબો પોતાની ધરતીની સૌરભ પ્રસરાવે તેવી વાતો સમર્થ વક્તા પાસેથી સાંભળવા નાની મોટી અગવડો વેઠીને પણ આવે છે. બાપુની રામકથાનું શ્રવણ તેમને એક અનોખી તૃપ્તિનો અનુભવ કરાવે છે. આવો અનુભવ ત્યાં સહેજ વાત વાતમાં એક સ્નેહી મુરબ્બીજન પાસેથી સાંભળવા પણ મળ્યો. અહીં આવવાનો ઉલ્લાસ તેમની આંખો તેમજ વાણીમાંથી છલકાતો અનુભવી શકાય છે.

સામાન્ય રીતે એવી માન્યતા છે કે આવી પ્રણાલિકાગત કથાઓમાં મુખ્યત્વે વયસ્ક લોકોનીજ હાજરી હોય છે. કિશોરો કે યુવાનો સામાન્ય રીતે આવા પ્રસંગોમાં હાજરી આપવાનું ટાળે છે. બાપુની લંડનની રામકથામાં આ બાબતથી પણ લગભગ વિપરીત ચિત્ર જોવા મળ્યું. વયસ્ક નાગરિકોની હાજરી તો હતીજ પરંતુ મોટી સંખ્યામાં યુવક—યુવતીઓ પણ રામકથાનો લહાવો પૂર્ણ રસ દાખવીને લેતા હતા. યુવાનોનું આવું અનુસંધાન એ આપણી પોતાની ભૂમિ પર પણ નોંધપાત્ર ગણાય. જ્યારે અહીં તો નવી પેઢીનો એક નોંધપાત્ર ભાગ કથા સાથે પોતાનું અનુસંધાન જોડે ત્યારે મનોમન વિસ્મય થાય છે. બાપુની સંવાદથી ભરપુર ભાવવાહી શૈલી ઉપરાંત આ કોરી સ્લેટ જેવા યુવાનોની ઉત્સુક્તા પણ સલામ કરવાને પાત્ર છે. બાપુની કથામાં જે વ્યક્તિગત અને સામાજિક બાબતોની નિખાલસ અને સરળ ચર્ચા કરવામાં આવે છે તેનું કોઈ અનોખું આકર્ષણ આ યુવાનોને રહેતું હશે તેમ ચોક્કસ કહી શકાય. યુવાનોના માતાપિતાને તથા વડીલોને એક વાતની ઠોસ પ્રતિતિ છે અને તેની અંદરોઅંદર તથા આપણી સાથે તેઓ ચર્ચા પણ કરે છે. વડીલોને સતત એવું લાગે છે કે તેમના પુત્ર-પુત્રીઓ કે પૌત્રો પોતાના મૂળ સાથે જોડાયેલા રહે તો તે તેમના હિતમાં છે. અહીં કે ત્યાં દરેક જગાએ અનેક સંજોગોને કારણે જે અજંપો છાને ખૂણે પણ જોવા મળે છે તેના ઉકેલ માટેની એક દિશા આ કથાની વાતો અને બાપુની તેના પરની ચર્ચામાં આ યુવાનો સ્પષ્ટ રીતે જોઈ શકે છે. આપણી સાથેની સામાન્ય ચર્ચામાં પણ તેઓ આ વાતની અભિવ્યક્તિ સહજતાથી કરતા રહે છે. આ એક એવી અસામાન્ય પ્રક્રિયા છે જેનું માપ ન નીકળે પરંતુ તેને ચોક્કસ અનુભવી શકાય. આજ રીતે અન્ય એક મહત્વની બાબત એ વિચારોની વિશાળતાને સંબંધિત છે. કોઈ એક સંપ્રદાયના કે પંથના વર્તુળની મર્યાદામાં રહીને જે વાત કરવામાં આવે છે તેનાથી જાણ્યે અજાણ્યે વિચારોનું એક બંધન મનના છાના ખૂણે પણ ઊભું થવા પામે છે. બાપુના વિચારોની ભવ્ય ઈમારત વિશાળતા અને ઉદારતાના પાયામાં ધરબાયેલી છે. સત્ય—પ્રેમ તથા કરુણાનો વિસ્તાર એ કોઈ વાડા કે પંથના બંધનમાં બંધાતો નથી. આ વિચારોમાં વિશ્વાનુભૂતિ તથા સકલાનુભૂતિ છે. એ રીતે પણ બાપુની આવી રામકથા એ સામાજિક ચેતનાને પ્રગટાવતી તેમજ સંકોરતી ઘટના છે. આપણી સંત પરંપરાના આવા ઉજળા પ્રયાસો થકી વિશાળ સમૂહની સામાજિક ચેતના વધતા ઓછા અંશે જાગૃત રહેવા પામી છે. હરતી ફરતી યુનિવર્સિટી જેવા આ સંતોને આથીજ તુલસીદાસજીએ જંગમ તીર્થ સમાન ગણેલા છે.

કથાગાનની આ પરંપરા આપણી અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર છે. મોરારીબાપુ 'સ્વાન્તઃ સુખાય' આ ઉજળી પરંપરાને લોકહિતાર્થે નૂતન દિશા આપનાર સમર્થ વાહક છે. કથાગાનની અમૂલ્ય વાતો ગંગાસતી કહે છે તેમ 'વિજળીના ચમકારે' હૈયામાં ઉતારવા જેવી છે.

## વિસરાતી વાનગી



**બાજરીની ખીચડી**

**બાજરીને સાફ કરી ધોઈને બે કલાક પલાડી રાખવી ત્યારબાદ અડધો કલાક કપડામાં પાથરી કોરી કરી ત્યારબાદ ખાંડણીયામાં ખાંડી (અધકચરી) ને તૈયાર કરવી.**

**ગેસ ઉપર તપેલામાં પાણી ઉકળવા મૂકવું પાણી ઉકળે એટલે ઉકળતા પાણીમાં યોગ્ય પ્રમાણમાં મીઠું નાખી જરૂરિયાત પ્રમાણે થોડીક મગની ફોતરાવાળી દાળ અને ચાળીને ફોતરા દાળ ઉમેરવી.**

**ત્યારબાદ ખાંડીને રાખેલી બાજરીનો ભૂકો તેમાં નાખી ચડે ત્યાં સુધી હલાવતા રહેવું. ચડી ગયા બાદ ગેસ ઉપરથી નીચે ઉતારી દેવી.**

**તો... તૈયાર છે બાજરીની સ્વાદિષ્ટ ખીચડી.**

**દૂધ સાથે પણ ખાઈ શકાય.**

**તા.ક. આ ખિચડી ડાયાબિટીશના દર્દી ઘરાઈને ખાઈ શકે છે.**

# રાજેશ મકવાણાના સંશોધન ગ્રંથને બે એવોર્ડ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા નામાંકિત કવિઓની બે પંક્તિઓ ઉપરથી પાદપૂર્તિ કરી, કૃતનવસર્જનોનો સાહિત્યિક કાર્યક્રમ યોજાયો

ગરવી ગુજરાતી ભાષાના સંવર્ધન, પ્રચાર, પ્રરા, તથા નવોદિતોનો સાહિત્યમાં રસ કેળવાય તે હેતુસર ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા કવિઓ હરીશ ધોબી અને કરશનદાસ લુહારનીની અનુક્રમે 'ગઝલ' અને 'કાવ્ય' બબ્બે પંક્તિઓને અનુસરીને પાદપૂર્તિ કરીને નવીન કૃતિઓના સર્જન અને તેના પઠનનો કાર્યક્રમ, સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધઅયક્ષસ્થાને તા. ૮-૧૦-૨૦૧૭ના રોજ, નમન એપા. સે.૨૧ ખાતે ઉજવાઈ ગયો.

આગામી માસની સભામાં 'માઈક્રોફિકશન વાર્તા'ઓનું પઠન કરવામાં આવશે, જે અન્વયેની વિગતવાર માહિતી ઉપપ્રમુખ સંજય થોરાત દ્વારા આપવામાં આવી. આ માઈક્રોફિકશન વાર્તાનો વિષય 'આ હું તો કરીશ જ' રહેશે અને જેની શબ્દ મર્યાદા ૧૫૦ ની રહે છે. ત્યારબાદ, દિવાળી બાદ સાહિત્ય સભા દ્વારા પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું, જે અંગેની માહિતી આંત. ઑડિટર મહેન્દ્રભાઈ રાઠોડ દ્વારા આપવામાં આવી. આ કાર્યક્રમનું સંચાલન મૂળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું. અંતમાં આભારવિધિ મંત્રી કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવી. આ નવતર કાર્યક્રમને હાજર સર્વેએ મનભરીને માણ્યો હતો.

● દલિત લેખક વિવેચક અને અધ્યાપક રાજેશ મકવાણાના સંશોધન ગ્રંથ 'ઉત્તર ગુજરાતનું સંત પંથ સાહિત્ય - વ્યાપ અને વૈવિધ્ય'ને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫નો અરવિંદ સુવર્ણ ચંદ્રક અને આશ્રમ સણાલી કરૂણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશનના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. રાજેશ મકવાણાનો આ ગ્રંથ ગુજરાત સાહિત્ય, અકાદમી દ્વારા પણ સન્માનિત થયેલ છે. રાજેશ મકવાણાને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ.

● ઈન્સ્ટિટ્યુટ ઑપ જૈનોલોજી દ્વારા વિશ્વકોષ ભવન, અમદાવાદ દ્વારા ૨૦૧૪-૧૫ના વર્ષ માટેનાં શ્રેષ્ઠ પુસ્તકોનાં પારિતોષિકો જાહેર કરવામાં આવેલ છે જેમાં (૧) ભગિની નિવેદીતા પારિતોષિક ડૉ. પન્ના ત્રિવેદીને 'સફેદ અંધારું' માટે (૨) કાકાસાહેબ કાલેલકર પારિતોષિક ડૉ. કુમારપાળ દેસાઈને 'જીવતરની વાટે અક્ષરનો દીવો માટે' (૩) રમણલાલ જોશી પારિતોષિક ડૉ. વિજય શાસ્ત્રીને 'કૃતિગત' માટે (૪) દોલત ભટ્ટ પારિતોષિક ડૉ. હસુ યાજ્ઞિકને તેમના 'સંત વાણી, લોકગીત, અને લોકકથા' માટે (૫) ધનરાજ કોઠારી પારિતોષિક ડૉ. પ્રભુદાસ પટેલને તેમના 'વન્ય રાગ' માટે (૬) નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટને તેમના 'ગ્રીષ્મના તડકા' માટે (૭) નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પ્રેરિત શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક ગોરધનદાસ ભેંસાણિયાને તેમના પુસ્તક 'મધીની વારતા' માટેનો સમાવેશ થાય છે.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનમાળા અંતર્ગત, 'ડૉ. ધીરુભાઈ ઠાકર અને શિક્ષણના આયામો' વિષે વ્યાખ્યાન આપતાં સાહિત્યકાર ડૉ. પ્રવિણ દરજીએ જણાવ્યું હતું કે ડૉ. ધીરુભાઈનો રસ શિક્ષણની તંદુરસ્તી આબોહવા બાંધવામાં રહ્યો અને એ કાર્ય એમણે એમના શિક્ષકત્વ દ્વારા કર્યું હતું. નક્કર કાર્ય અને નક્કર પ્રયત્ન એ એમનું ઉદિષ્ટ રહ્યું હતું. આ સમારંભમાં સ્વાગત પ્રવચન ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું, જયારે ડૉ. પ્રીતિબહેન શાહે પરિચય આપ્યો હતો.

● સાહિત્યના સેતુથી સમાજની ઉત્કૃષ્ટ સેવા કરવાના શુભાશયથી બ્રિલિયન્ટ યુવક મંડળ, પ્રાંતિજ દ્વારા પ્રકાશિત 'બાવનશ્રી' સામયિકનો 'વિમોચન સમારોહ' પ્રાંતિજ ખાતે તા. ૧.૧૦.૧૭ના રોજ સવગુણ મંદિર, ઝાંઝરકાના મહંત અને રાજયસભાના અધ્યક્ષ ડૉ. શંભુનાથજી મહારાજની વિશે, ઉપસ્થિતિમાં આર્શીવચનથી; સિવિલ હોસ્પિટલ, અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. એમ. એમ. પ્રભાકરના અધ્યક્ષસ્થાને અને દિલ્હીની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પ્રતિષ્ઠિત એવોર્ડ વિજેતા વાર્તા - નવલકથાકાર ડૉ. મોહન પરમાર, પત્રકાર ડૉ. કલ્પેશ વોરા, નિવૃત્ત આર.એફ.ઓ માવજીભાઈ રાઠોડ., એક્ઝી એન્જી (વડોદરા મ્યુનિ) કૌશિકભાઈ પરમાર; સાહિત્યકાર પરાજિત પટેલ, આર્શીવાદ સાયમિકના તંત્રી જી.જે. પંડ્યા અને રૂચી નિર્માણ પ્રા.લી.ના ડાયરેકટર ભાવેશભાઈ જાનીના અતિથિ વિશેષઓની ઉપસ્થિતિ સુપેરે ઉજવાઈ ગયો.

- muljibhaidadhi@gmail.com